# બોચાસણવાસી શ્રી અક્ષરપુરુષોત્તમ સ્વામિનારાયણ સંસ્થા
## સત્સંગ શિક્ષણ પરીક્ષા
## ઉકેલપત્ર : સત્સંગ પ્રાજ્ઞ - પ્રથમખંડ
### પ્રશ્નપત્ર-૨

**સમય : બપોરે ૨ થી ૫** **રવિવાર, ૧ માર્ચ, ૨૦૦૯** **કુલ ગુણ : ૧૦૦**

**(વિભાગ:૧ 'બ્રહ્મસ્વરૂપ શાસ્ત્રીજી મહારાજ' વિસ્તૃત જીવન ચરિત્ર, છઠ્ઠી આવૃતિ, ફેબ્રુઆરી ૨૦૦૭ના આધારે)**

**પ્ર.૧ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ:- જે પ્રશ્નમાં બાર કે તેથી વધુ પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં ઉલ્લેખ કર્યો હોય તેવા ઓછામાં ઓછા દસ પ્રસંગો જરૂરી છે.**

**૧. શાસ્ત્રીજી મહારાજના પ્રભાવથી પરિવર્તન પામેલા સંતો-ભક્તો.**

| | | |
|---|---|---|
| ૧. | 'આ જ શ્રીજીમહારાજના સિદ્ધાંત પ્રમાણે ઉત્તમ જ્ઞાન છે. આ રહસ્યની તો મને આજે જ ખબર પડી માટે આજથી હું તમારા ભેગો છું.' રમૂજ કરવા આવેલા પુરાણી શ્વેતવૈકુંઠદાસજી | ૮૮ |
| ૨. | તલગાજરડા ગામના પટેલને યજ્ઞપુરુષદાસની વાતો સાંભળી ભગતજીનો ગુણ આવ્યો. | ૧૨૬ |
| ૩. | ડભોઈમાં પુરાણી મોરલીધરદાસ અને સૌની હઠ, માન અને ઈર્ષાની ગ્રંથિઓ ઓગાળી દીધી. | ૧૪૬ |
| ૪. | વિદ્યાગુરુ રંગાચાર્યને વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત ઉપર વાતો કરી સંપ્રદાયમાં ખેંચ્યા. | ૧૪૮-૧૪૯ |
| ૫. | વાંસદાના દીવાન અમીન ઝવેરભાઈ નાથાભાઈને સત્સંગી કર્યા. | ૧૫૪ |
| ૬. | પીજના જેઠાભાઈને આખી રાત વાત કરી અક્ષરપુરુષોત્તમની નિષ્ઠા દૃઢ કરાવી. | ૧૫૫-૧૫૬ |
| ૭. | અમદાવાદના વૃદ્ધ સાધુ કૃષ્ણસ્વરૂપદાસજીને બ્રહ્મવિદ્યાનું હાર્દ બતાવી ગુણાતીતાનંદ સ્વામી અને ગોપાળાનંદ સ્વામીનો મહિમા સમજાવ્યો. | ૧૫૮-૧૫૯ |
| ૮. | કોઠારી જીભાઈને જાગા ભક્તનો મહિમા સમજાવતાં જાગા ભક્તની બંધી ઊઠાવી લીધી. | ૧૭૭ |
| ૯. | જીવણરામ શાસ્ત્રીના શાંકર મતના સંસ્કારો બદલાઈને રામાનુજ ભાષ્યને પ્રમાણ માનવા લાગ્યા. | ૧૮૨ |
| ૧૦. | રાજકોટના છગનલાલ ધનેશ્વર રાવળે રોજ અદાશ્રીને ત્યાં વચનામૃત વાંચવા જવાનો નિયમ રાખ્યો. | ૧૯૭ |
| ૧૧. | દ્વારકાના અભિમાની વહીવટદાર રંગીલદાસ સ્વામીની ભક્તિ જોઈ મંદિર માટે જમીન આપવા તૈયાર થયા. | ૨૦૮ |
| ૧૨. | રામચંદ્રભાઈ ઠાકોરની ભડક બંડિયા થઈ જઈશું. - પણ સ્વામીશ્રીએ દૃષ્ટિમાં લીધા. | ૨૬૭ |
| ૧૩. | સ્વામી ખરેખર મહાન પુરુષ છે -ભીખાભાઈ શુકલ. | ૩૦૧ |
| ૧૪. | બોચાસણના મુખી હિરાભાઈનું પરિવર્તન | ૩૦૮થી૩૧૩ |
| ૧૫. | સારંગપુરમાં ઝીંઝરના દરબાર રાણાભાઈને વચનામૃતની સાખે વાત કરી. શુષ્ક સત્સંગીમાંથી શુદ્ધ સત્સંગી કર્યા. | ૩૮૩થી૩૮૫ |
| ૧૬. | વરતાલ કમિટિના સભ્ય દોલાભાઈના અંતરમાં શુદ્ધ ઉપાસનાની સવળી સમજણ. | ૪૧૭ |

**૨. અક્ષરપુરુષોત્તમ સિદ્ધાંતની ચકાસણી કરી તેને નિષ્ઠાપૂર્વક વળગી રહેનાર શાસ્ત્રીજી મહારાજ.**

| | | |
|---|---|---|
| ૧. | ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય એટલે શું ? | ૫૭ |
| ૨. | વઢવાણ મંદિરના પગરણ. | ૨૧૯ થી ૨૨૧ |
| ૩. | વઢવાણમાં શ્રી અક્ષરપુરુષોત્તમ મંદિરના પ્રથમ ગણેશ મંડાયા. | ૨૨૨ |
| ૪. | શ્રીજીની ક્રિયાશકિત, ઈચ્છાશક્તિ અને જ્ઞાનશક્તિ આ સંતમાં સર્વ પ્રકારે હતી. | ૨૪૨ |
| ૫. | વઢવાણમાં મૂર્તિપ્રતિષ્ઠા : પ્રથમ દિગ્વિજય. | ૨૪૨થી ૨૪૮ |
| ૬. | ગોપાળાનંદ સ્વામી બેઠા હતા તે વખતે તમે તેમને મૂળ અક્ષર બ્રહ્મ સમજતા'તા ? આ શિક્ષાપત્રી ઉપાડીને કહો તો સાચું મનાય. | ૬૬૧ |
| ૭. | સ્વામી મૂળ અક્ષર છે. એ વાત મેં ઘણીવાર મહારાજ પાસેથી જ સાંભળી છે. એ વાત મારા જીવમાં છે. વિજ્ઞાનાનંદ સ્વામી. | ૬૬૬ |
| ૮. | તમે આ વાત સાંભળી છે તો તે સાચી છે અને જીવમાં એ પ્રમાણે સમજી રાખશો - વિજ્ઞાનાનંદ સ્વામી. | ૬૬૬ |

૭૦૨

**૩. સારંગપુર મંદિરનું સંકલ્પ બીજ - તેના નિર્માણમાં શાસ્ત્રીજી મહારાજ અને સંતો-ભક્તોનો પુરુષાર્થ.**


૧. અહીં ત્રણ શિખરનું મંદિર મને દેખાય છે. ૨૧૧
૨. સારંગપુરમાં મંદિર કરવાનો સંકલ્પ. ૩૪૮
૩. મોતીભાઈ સારંગપુરમાં મંદિર કરવું છે તેનું કીર્તન બનાવો. ૩૪૯
૪. સારંગપુરમાં મોટા મંદિરના પગરણ - સારંગપુરના હરિભક્તોની પ્રાર્થના. ૩૫૬
૫. સારંગપુરમાં પીઠાખાચરના ઓરડાની ખરીદી ઝવેરલાલ, ભૂધરભાઈ, રામચંદ્રભાઈ વગેરેએ મળીને કરી. ૩૫૭
૬. લીમડીના દિવાન સાહેબનો જમીન ખરીદીમાં સહકાર. ૩૫૮
૭. સારંગપુરમાં સત્‌યુગ. ૩૭૦
૮. પીઠાખાચરના ઓરડામાં પટમૂર્તિની પ્રતિષ્ઠા. ૩૭૩
૯. અહીં તો સર્વોપરી મંદિર થશે અને શ્રી અક્ષરપુરુષોત્તમ મહારાજ મધ્ય મંદિરમાં બિરાજશે - કોઠારી પ્રભુદાસ ૩૭૪
૧૦. સારંગપુરનો ભંડાર કરવા કોઈ જવા તૈયાર થાય તેને નારાયણ મુનિ જેવા નિષ્કામી કરી દઉં -શાસ્ત્રીજી મહારાજ.૩૭૬
૧૧. સ્વામીશ્રીની આજ્ઞાથી હરિકૃષ્ણદાસ સ્વામી ભંડારો કરવા તૈયાર થયા. ૩૭૬-૩૭૭
૧૨. આવી અક્ષરપુરુષોત્તમ મહારાજની સેવા તો બહુ મોટા પુણ્યવાળાને મળે છે - શાસ્ત્રીજી મહારાજ - કાળીદાસ માવજી અને મોહનભાઈ માવજી જોઈતી તમામ વસ્તુઓ લાવી દેતા - કુંવરજી અને વાલા ભક્ત રોજ કડિયાકામે આવતા. ૩૮૨
૧૩. આપણે તો મહારાજ- સ્વામીની ઈચ્છાથી આ મંદિર કરીએ છીએ. કોઈ જાતનું મમત્વ નથી- શાસ્ત્રીજી મહારાજ.૩૮૩
૧૪. ઝીંઝરના દરબાર રાણાભાઈ શુષ્ક સત્સંગી મટી શુદ્ધ સત્સંગી થાય છે. ૩૮૩
૧૫. સાંખેજના ભૂલાભાઈના આગ્રહથી ગુજરાતના હરિભક્તોનો ખરડો કરાવ્યો. રૂા. ૨૮,૦૦૦નો ખરડો થયો.૩૮૫
૧૬. સારંગપુર મંદિરની લખણી છગનભાઈનું નામ લખી રૂા. ૩૫ની રકમ લખી. ૪૦૦-૪૦૧
૧૭. સારંગપુર મંદિરમાં ભાવનગરના કુબેરભાઈનું વિજ્ઞાનદાસ સ્વામીની વાતોથી પરિવર્તન. ૪૦૧થી૪૦૩
૧૮. બ્રહ્મચારી મહારાજ ! હવે કાંઈક જ્ઞાનની વાતો કરો તો અહીં આવ્યું સાર્થક થાય - કુબેરભાઈ મુનિશ્વરદાસને. ૪૦૪
૧૯. સારંગપુરમાં પ્રતિષ્ઠા ઉત્સવ. ૪૨૪
૨૦. મહારાજ અને સ્વામી માટે મૂંડાવ્યું છે. ૪૨૫
૨૧. સારંગપુર મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા ઉત્સવ. ૪૨૯
૨૨. ત્રણસો ઝાલાવાડી હરિભક્તો પીરસવાની સેવામાં. ૪૩૩
૨૩. સારંગપુરના અક્ષરપુરુષોત્તમ મંદિરની ગુણાતીતાનંદ સ્વામીએ કરેલી ભવિષ્યવાણી. ૬૭૧


**પ્ર.૨ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદાસર નોંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

**☞ નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. ડુંગરભક્તની બુદ્ધિપ્રતિભા અને કલાદષ્ટિ**


૧. ગિરધરકૃત રામાયણ કંઠસ્થ. ૨૨
૨. નાની ઉંમરમાં વિદ્વતા અને સંતતાની પરીક્ષા કરતા ચાણક્ય બુદ્ધિવાળા ડુંગર ભક્ત. ૨૨-૨૩
૩. મંદિરને ઓટલે અક્ષરજ્ઞાનનો આરંભ કર્યા પહેલાં કથાકારની અદાથી લહિયાના ફેંકી દીધેલાં પાના વાંચતા. ૨૩
૪. મંદિરમાં સાધુ મંડળ ન હોય ત્યારે રાત્રિ કથા કરતા. ૨૩
૫. મારે તો સાધુ થવું છે. વિદ્વાન થઈ ઘણાને બ્રહ્મવિદ્યા ભણાવવી છે - રાવજીભાઈને આપેલો જવાબ. ૨૪
૬. વૈષ્ણવોની હવેલીમાં ગોળ થાંભલા રવેશીમાં મૂકવાથી શોભા સારી આવત - ડુંગરભક્તનું જેઠાભાઈને સૂચન.૨૫
૭. વરતાલના સભામંડપ જેવું સિંહાસન મહેળાવ મંદિરમાં કરવાનું સૂચન. ૨૫
૮. આગે બડે બડે મહાત્માઓં કા ભી ગુરુ હોગા - રામાનંદી સાધુના આશીર્વાદ. ૨૬
૯. મહાભારતની કથા કરી. ૨૬
૧૦. પિતા ધોરીભાઈ તથા મથુરભાઈને જોતાં જ સાધુ થવા આવેલા ચકોર બુદ્ધિના ડુંગર ભક્ત સંતાઈ ગયા. ૩૪
૧૧. પિતાને ઉપદેશ. ૪૩ થી ૪૫


**૨. 'યજ્ઞપુરુષદાસ તો કાપિયું વ્યાજ કાઢનારા છે.'**

૧. ઝાડવે ઝાડવે અને પાંદડે પાંદડે પ્રાગજી ભક્તનું ભજન. ૧૦૦

૨. તમે બંન્ને સાધુ પાછા જાવ. ભરી સભામાં ખડ લઈ દંડવત્ કરી માફી માગી સાધુઓને રાજી કરી આવો - ભગતજી - યજ્ઞપુરુષદાસ તો કાપિયું વ્યાજ કાઢનારા છે. ૧૦૧

૩. સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે. ૧૦૨

**૩. વરતાલથી શાસ્ત્રીજી મહારાજનું મહાપ્રસ્થાન.**

૧. ઉપદ્રવનું જોર વધે છે - સંવત ૧૯૬૨ના કાર્તિક સુદ ૧૫નો ઐતિહાસિક સમૈયો. ૨૭૩

૨. વૈરાગ્યની તીવ્રતા - પાણીમાં આગ. ૨૭૪, ૨૭૬

૩. આ વખતે શાસ્ત્રીને મૂકીને જશો નહિ. - કોઠારી ગોરધનભાઈ. ૨૭૭

૪. વરતાલનો દરવાજો છોડશો નહિ. - ભગતજી મહારાજ ૨૭૯

૫. આપ અખંડ ભેગા રહેજો. - શાસ્ત્રીજી મહારાજ - અંતિમ વનવાસ. ૨૮૧-૨૮૨

૬. માંગલિક પ્રસ્થાન - મંદિર તથા દેવથી આપણે જુદા પડતા નથી - શાસ્ત્રીજી મહારાજ ૨૮૪

**૪. શાસ્ત્રીજી મહારાજને જાગા સ્વામીનો મહિમા**

૧. વરતાલ જાગાભક્તની સેવામાં જાદરિયાના લાડવાનું શિખર કરી અર્પણ. ૯૦-૯૧

૨. ઉપાસનાના શિખરો આ સાધુ દ્વારા જ કરાવવાનો જાગાભક્તનો સંકલ્પ. ૯૧

૩. રાજકોટમાં વિદ્યાધ્યયન અને જૂનાગઢમાં જાગા સ્વામીનો યોગ. ૧૬૯

૪. જાગાભક્તની બંધી તોડી. ૧૭૩ થી ૧૭૫

૫. છેલ્લી સેવા આપવાનું જાગા સ્વામીનું વચન. ૧૯૧

૬. દ્રાવિડ દેશના શાસ્ત્રીને જાગા સ્વામીનો પરિચય કરાવ્યો. ૨૦૫

૭. ડાંગરામાં જાગા સ્વામીનો અંતિમ મંદવાડ અને સ્વામીશ્રીની સેવા. ૨૧૩

**(વિભાગઃ ૨ 'બ્રહ્મસ્વરૂપ યોગીજી મહારાજ', સંક્ષિપ્ત જીવન ચરિત્રના આધારે તૃતીય આવૃત્તિ, નવેમ્બર૧૯૯૨ના)**

**પ્ર.૩ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે છ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. યોગીજી મહારાજ પ્રત્યે અન્ય ધર્મગુરુઓનો આદર અને સ્નેહ.**

૧. વૈષ્ણવાચાર્ય ગોસ્વામી દીક્ષિતજી મહારાજને સ્વામીનો ગુણ આવતાં મહિને એક વખત સંતોને શાસ્ત્રીય જ્ઞાનનો લાભ આપવા તૈયાર થયા. ૨૫૧

૨. જગન્નાથપુરીના શંકરાચાર્ય નિરંજનદેવતીર્થ : ભગવાન સ્વામિનારાયણ અને યોગીજી મહારાજનું કાર્ય હિન્દુધર્મને પોષણરૂપ છે. ૨૫૨

૩. નડિયાદ સંતરામ મંદિરના મહંત : આપ સ્વામિનારાયણ ધર્મમાં દેદીપ્યમાન સૂર્યસમાન છો. ૨૫૨

૪. ભેટ મૂકવા યોગ્ય આપ ઈશ્વરમૂર્તિ સંત છો. જલારામબાપાની ગાદીના વારસ ગિરધારીલાલ બાપા. ૨૫૨

૫. આપના સાન્નિધ્યમાં આવતા સંકલ્પ-વિકલ્પ વિરામ પામે એ જ આપની ઓળખ - ચાંપારાજપુર પાસે ભીડભંજનની જગ્યાના મહંત. ૨૫૪

૬. આપ તો સમર્થ ભગવતરૂપ સંત છો - ડોંગરેજી મહારાજ. ૨૫૪

૭. શાસ્ત્રીજી મહારાજે યોગીજી મહારાજ જેવું જીવંત અને મૂર્તિમાન મંદિર આપ્યું છે. યોગીજી મહારાજ ચલપ્રતિમા છે. તે કેવળ વ્યક્તિ નથી, સંસ્થા છે. દ્વૈતમતાવલંબી મધ્વ સંપ્રદાયના પ્રખર વિદ્વાન ગોપાલાચાર્ય ૨૫૪

૮. ભગવાનનું કે ભક્તિનું વર્ણન કરવાની લાયકાત તો નથી પણ યોગીજી મહારાજના આશીર્વાદ છે કે અમે ભગવાનનું વર્ણન કરી શકીએ - યોગીબાપા આપે છે તે સાક્ષાત્ અક્ષરપુરુષોત્તમ મહારાજ આપે છે એમ હું સમજું છું - પાંડુરંગ આઠેવલજી. ૨૫૫

૯. યોગીજી મહારાજ દૃષ્ટિ દ્વારા હજારો ભક્તોને એકી સાથે મળી લેતા - ભગવાન પાસે માગવા જેવી ત્રણ વસ્તુ છે. શ્લોક-ભાગવતના, પુણ્યશ્લોક-સ્વામીશ્રી યોગીજી મહારાજ બાપા જેવા પુરુષ અને ઉત્તમશ્લોક - ભગવાન. તેમાં પણ માગવા જેવા તો એક યોગીજી મહારાજ છે. કેમકે બાપાના મુખમાં શ્લોક અને હાથમાં ભગવાન છે - કૃષ્ણશંકર શાસ્ત્રી. ૨૫૬

૧૦. મોક્ષ, બ્રાહ્મીસ્થિતિ કે પરમપદનું સુભગ દર્શન મને અહીં લાધ્યું છે - સ્વાર્થી સંસારમાં સદ્ભાગ્યે આપ જેવા વિરલ સંત કોઈ મળી આવે, જે વગર પરિચયે આવો નિઃસ્વાર્થ નિર્દોષ પ્રેમ આપી શકે છે. - હું કયા શબ્દોમાં સ્વામીજીના મહિમાનું ગાન કરું ? એમનું ચુંબકીય સ્વરૂપ અસીમ છે - સ્વામી વિદેહાનંદજી. ૩૦૪-૩૦૫
૧૧. યોગીરાજ તો હમારે થે ! ઈસલિયે શ્રદ્ધાંજલિ સભા હમ ભરેગેં - સ્વામી શિવાનંદજી. ૨૮૨
૧૨. તેમને કોઈ ભેદબુદ્ધિ નહોતી. ગૃહસ્થ, સંન્યાસી, વૈરાગી કે સ્વામિનારાયણનો અનુયાયી હોય પણ યોગીરાજ બધામાં આત્મભાવ જોનારા હતા - સ્વામી શિવાનંદજી. ૨૮૩
૧૩. ભગવાન ને સંત અંતર્ધાન થતા જ નથી. પ્રગટ જ હોય છે. સદા સાથે જ છે - મણિનગર સંસ્થાના આનંદપ્રિય સ્વામી ૨૮૩
૧૪. યોગીજી મહારાજે ધર્મનું સાચું હાર્દ પ્રગટ કર્યું છે. ધર્મના આચરણ દ્વારા ભગવાનને અનુભવ્યા હોય તેવા મહાપુરુષ હતા - મનુવર્યજી મહારાજ ૨૮૩
૧૫. યોગીજી મહારાજ સ્વામિનારાયણ હતા છતાં અમારા હતા. વસ્ત્રમાં તાંતણા જુદા પણ વસ્ત્ર તો એક જ ! આનું નામ વિશ્વબંધુત્વ, વિશ્વપ્રેમ છે - વાસુદેવાનંદજી મહારાજ. ૨૮૪

**૨. સંસ્થા વિકાસમાં યોગીજી મહારાજનું પ્રદાન - સત્સંગ સભાઓ**

૧. પૂર્વભૂમિકા : ગુણાતીતાનંદ સ્વામીનો મહારાજને પ્રશ્ન શું અધિક ? ૧૭૭
૨. યોગીજી મહારાજ પાસે પાંચ વખત કથા થતી - ત્રણ સંકલ્પો પૈકી પહેલો સંકલ્પ સત્સંગ વધો. ૧૭૮
૩. સમૈયાઓની સભા - પારાયણો - સત્સંગ એટલે શું ? ૧૭૯
૪. રવિસભાઓનું આયોજન - દરેક ગામમાં સત્સંગ મંડળ અને સભાનું આયોજન. ૧૮૦-૧૮૧
૫. સૂરતના હરિભક્ત હરિકૃષ્ણભાઈને સ્ટેશન પર સ્વામીશ્રીનો પ્રશ્ન : 'રવિસભા કેવી થાય છે ?' ૧૮૧
૬. કોઈ ન આવે તો થાંભલા સાથે સભા - ચોરાશી વર્ષે પણ ગામડે ફરવાનો સંકલ્પ. ૧૮૨
૭. સ્વામિનારાયણ પ્રકાશમાં અમદાવાદ - મુંબઈ મંડળની જાહેરાત. ૧૮૩
૮. પત્રોએ આજ્ઞાપત્રોનું સ્વરૂપ લીધું. - સાઈક્લોસ્ટાઈલ સ્વામિનારાયણ સત્સંગ પત્રિકા - વટહુકમ નં-૧ ૧૮૩
૯. કિશોર મંડળની, બાળમંડળોની સ્થાપના, વિવિધ પ્રવૃત્તિઓ. ૧૮૪
૧૦. સ્વયંસેવક દળની સ્થાપના - આફ્રિકામાં સત્સંગ સભાઓ. ૧૮૫
૧૧. આફ્રિકાના ભાઈઓને સત્સંગનો લાભ વ્યસન મુક્તિ - મોમ્બાસા, નૈરોબીમાં મંદિર. ૧૮૫-૧૮૬

**૩. સહનશીલતાની મૂર્તિ - યોગીજી મહારાજ**

૧. આકરી તાવણી સર્વાંગ સાધુપણું - ગુરુના પ્રકોપ વચ્ચે શાંત, ધીર ગંભીર - સહિષ્ણુતાએ સાધુપણાનું ઝળહળતું પાસું - દરબાર રસોઈના સીધામાં ઘી આપવાનું ભૂલી ગયા તેનો દંડ યોગીજી મહારાજને વેઠવો પડ્યો - યોગીજી મહારાજે જૂનાગઢ નજીકના સ્ટેશને સામે લેવા આવવા હરિભક્તોને પત્ર લખ્યો હતો છતાં કોઈ ન આવ્યું. તેના ગુસ્સાથી વરસાવેલો વિજ્ઞાનદાસે યોગીજી મહારાજ પર ગાળોનો વરસાદ. ૪૫થી૪૭
૨. સુથાર ભક્તને અફીણનું વ્યસન - છૂટે નહીં - વિજ્ઞાનદાસ દ્વારા છોડાવવાનો પ્રયાસ - યોગીજી મહારાજને તેની સ્થિતિથી દયા - થોડું લાવી આપવા બીજા ભક્તને વિનંતી - વિજ્ઞાનદાસને જાણ - સ્વામીશ્રીને ઠપકો, માર - યોગીજી મહારાજની લોકપ્રિયતાની વિજ્ઞાનદાસને ઈર્ષા - યોગીજી મહારાજની જમવાની તૈયારીને - ઉપવાસ આપ્યો ૪૯
૩. જમવાની તૈયારી યોગીજી મહારાજે કરી ત્યાં વિજ્ઞાનદાસ સ્વામીએ 'સ્વામીની વાતો' ચોથા પ્રકરણની ૧ થી ૧૦ બોલવાની આજ્ઞા - પત્તર પાણીથી ભરી દીધું - વાતોમાં ભૂલ પડે તો વેલણથી પ્રહાર. ૫૦
૪. મીરસાપુરમાં વિજ્ઞાનદાસ દ્વારા એકાએક ઉપવાસની આજ્ઞા. ૫૦
૫. અસત્યનો આશરો લઈ વિજ્ઞાનદાસ સ્વામી પોતાનો દોષ યોગીજી મહારાજ પર ઢોળતા. ૫૧
૬. સાણસીથી પગની પીંડી પર ચીપટી - ચામડી સાથે માંસ બહાર - લોહીની ધાર - બેભાન શિષ્યને મૂકીને કઠોર હૃદયી ગુરુ ચાલ્યા ગયા. ૫૨
૭. અંધ સંત ભગવત્સ્વરૂપદાસને મેડા પરથી નીચે પછાડ્યા. ૫૩
૮. વિનુભગતે યોગીજી મહારાજની પગની પીંડીના ઘા બાબત પૂછ્યું - કોઈને નહીં કહેવાની શરતે વિજ્ઞાનદાસ સ્વામીએ આપેલાં કષ્ટોની વાત કરી. ૫૫
૯. ડાંગરામાં રણછોડ ભક્તના કારજ પ્રસંગે ગાળોની વર્ષા અને માર. ૫૬-૫૭
૧૦. ગુરુની ગાળો, માર વચ્ચે પણ યોગીજી મહારાજની સહનશીલતા, નિર્માનીપણું અને ક્ષમાભાવનાના

ગુણો ઉપસી આવે છે. ૫૭

**પ્ર.૪ નીચેનામાંથી કોઈપણ બે વિષય પર મુદ્દાસર નોંધ લખો. (કુલ ગુણ : ૧૨)**

> ☞ **નોંધ : જે પ્રશ્નમાં વધારે પ્રસંગો આવતા હોય તેમાં વર્ણનાત્મક અને બે થી ત્રણ લીટીમાં પ્રસંગના ઉલ્લેખ સાથે પાંચ પ્રસંગો આપવા જરૂરી છે.**

**૧. યોગીજી મહારાજે કહ્યું, 'પ્રમુખસ્વામી મારું સર્વસ્વ છે.'**

૧. પ્રમુખસ્વામી છે ને ! મારા કરતાં સવાયું સુખ આપશે ! ૨૭૪

૨. હવે અમારું કામ પ્રમુખ સ્વામી કરશે. .... પ્રમુખ સ્વામી અમારું સર્વસ્વ છે. ૨૮૦

**૨. જૂનાગઢના જોગી - સ્વામી જ્ઞાનજીવનદાસજી**

૧. અડાલજની વાવનો પગપાળા પ્રવાસ - છત્રીસ કિ.મી.નો પ્રવાસ - છતાં નિર્જળા ઉપવાસ-તપસ્વી જીવન ૨૪

૨. ત્યાગ વૈરાગ્ય - બબ્બે દિવસ ઉપવાસ - સારી રસોઈ હોય તો યોગીજી મહારાજને ઉપવાસ હોય - કંતાનનું આસન - હાથનું ઓશીંકુ - નિઃસ્પૃહી - વતનમાં ન જવાય એ નિયમ સારધાર પાળ્યો - સેવા - સેવાનાં ક્ષેત્રો વધારવાની તમન્ના - રસોઈ - ભંડારી સાધુ પાસેથી બધા પ્રકારની રસોઈ બનાવવાનું શીખી લીધું. ગુરુને રાજી કરવાની પ્રબળ તમન્ના - સર્વક્રિયા - ભક્તિરૂપ - કામ કરવાની રીતમાં પણ ભક્તિનું એક સ્વરૂપનાં દર્શન. ૨૫થી૨૬

**૩. યોગીજી મહારાજના મુખે શાસ્ત્રીજી મહારાજનો અપરંપાર મહિમા**

૧. ભાવનગરમાં જયંતિભાઈ આગળ - આપણને શાસ્ત્રીજી મહારાજ મળ્યા છે અને મોક્ષનું દ્વાર મનાય છે તે કલ્યાણ થઈ જ ગયું છે - ૪૦ વર્ષ સુધી શાસ્ત્રી મહારાજની અનુવૃત્તિ સાચવી છે. ૧૧૭

૨. શાસ્ત્રીજી મહારાજના જ મનનું ધાર્યું જ કર્યું છે - વીસ વર્ષ શાસ્ત્રીજી મહારાજની પૂજા પાથરી છે. ૧૧૮

૩. ગુરુમાં સંપૂર્ણપણે જોડાઇ તદ્‌વત્ ભાવને પામવું. ૧૧૮

૪. ગુરુ સાથે પોતાની તુલના ન થવા દેતા કોઈ કરે તો ચાંદ્રાયણ કરવાનું પ્રાયશ્ચિત. ૧૧૯

૫. શાસ્ત્રીજી મહારાજની આજ્ઞા કે ઇચ્છા આગળ પોતાનો આગ્રહ કે સિદ્ધાંત પકડી રાખતા નહીં. ૧૧૯

૬. જુદા જુદા અવસરે શાસ્ત્રીજી મહારાજનો મહિમા કહેતા. ૧૨૦

૭. ૮૦ મી જન્મ જયંતીએ 'સ્વામિનારાયણ પ્રકાશમાં ગુરુ ગુણ.' ૧૨૧

૮. પ્રાકટ્ય સ્થાન મહેળાવમાં શાસ્ત્રીજી મહારાજની આરસની પ્રતિમાની પ્રતિષ્ઠા - શાસ્ત્રીજી મહારાજનો જન્મ શતાબ્દી મહોત્સવ - મહેળાવ ગુરુચરણમાં પ્રાર્થના. ૧૨૨-૧૨૩

**૪. નિયમધર્મના પ્રેરક - યોગીજી મહારાજ : (૧) વર્તન દ્વારા પ્રેરણા :**

**૧. નિસ્નેહી :** ૧. અમદાવાદ આવેલા કમળશીભાઈને ભેગા ન થયાં.- નાનાભાઈ છગનભાઈ હંમેશાં યોગીજી મહારાજના પ્રેમથી વંચિત - મારું ગામ બ્રહ્મગામ. બ્રહ્મમહોલ છે. ૯૦,૯૧

૨. અમારાથી તો એના ઝાડવાં પણ ન જોવાય - ગામ, નામ, ઠામ બધું બળી ગયું. બ્રહ્મ હમારી જાત. ૯૨

૩. મારે ગામ નથી, મારે જાત નથી. - ધારીના વતની ને. જન્મ સ્થાનનો પ્રસંગ ન વાંચવો - મગનલાલ ડ્રેસવાળાનો પ્રસંગ. ૯૩

**૨. અષ્ટપ્રકારે સ્ત્રીનો ત્યાગ.**

૧. મહારાજે આપણો સ્વાદ ટાળ્યો - બાળકીને આશીર્વાદ અપાવવા યોગીજી મહારાજ સુધી આવી પહોંચ્યા - નિષ્કામી વર્તમાનમાં ફેર પડવાથી ઉપવાસ.- એ લોકોએ પહેલાં આપણને બેસાડવા જોઈએ ને પછી બીજાને બેસાડે તો બાધ નહીં. નૈરોબીમાં પ્લેનમાં બેસતા પહેલાં. ૯૪

૨. પોતાનો ઉપવાસ સિદ્ધેશ્વર સ્વામીને કરવાની આજ્ઞા. ૯૫

**૩. ત્યાગ વૈરાગ્ય :**

૧. અમારે સાધુને શાલ દુશાલા ન ઓઢાય. કૃષ્ણશંકર શાસ્ત્રીએ ઓઢાડેલું રૂપેરી કોરનું રેશમી પીળું ઉત્તરીય શાસ્ત્રીને પરત. - વૈરાગ્યનો વિવેકપૂર્ણ અભિગમ. - સોંઘી શાલ જાણીને સ્વીકાર. ૯૬, ૯૭

૨. દિનુ ભટેસાએ લાવેલાં હાથ-પગનાં મોજાનો અસ્વીકાર, ચાંદીના પ્યાલામાં આવેલું દૂધ અંગીકાર ન કર્યું. ૯૮

૩. જાડાં વસ્ત્રો જ પહેરવાનો આગ્રહ. જૂના તો લેને ? માટે જાડાં વસ્ત્રો જ સારાં. ૯૯

૪. પાટ પર સૂતા - સાધુતાનો વટ ઉતરી ગયો - દવા તરીકે બદામ - ઈલાયચી. ૧૦૦-૧૦૧

૨. **ઉપદેશ અને કાર્ય દ્વારા પ્રેરણા : ૧.** મહેન્દ્ર ભગત તથા બાળક હિતેશને પાણી પીવાની છૂટ ન આપી. જીવની દયા - બટાટાં રાખથી ઊટકાવ્યાં - અક્ષરભવનની ગૅલેરીમાં કામ વગર જવું નહિ - બહાર ડોકિયું કરવું નહિ.- તુંબડામાં જ પાણી પીવું - પાંચ દિવસે એક ઉપવાસ કરવો - સંતો ભૂલ કરે તો ઉદાર દિલે ક્ષમા સાથે તે પ્રમાણે વર્તવાનો દૃઢાવ પણ કરાવતા - નિષ્કામી વર્તમાન વિના વિદ્યા, શાસ્ત્ર ભણ્યા હોય તોય કંઈ નહિ, વિદ્યા અને ત્યાગ નિષ્ફળ જાય - સંકલ્પ થાય તો માળા કરવાની પ્રેરણા આપતા - નિઃસ્વાદી વર્તમાન પાળવું - સ્વાદિયાનો સંગ ન કરવો. - પૈસાને અડવું નહિ. - કોઈ હિસાબ ગણતો હોય તે જોવું નહિ - વચનામૃત, સ્વામીની વાતુ સિવાય કાંઈ વાંચવું નહિ. ૯૯ થી ૧૦૬

**૨.** લોજમાં ન જમશો - સંતોને તકલીફ નથી - બહારનું નહિ ખાતા હરિભક્તોને વહેલા જમાડવા, ભાથું બાંધી આપવું. - ૧૫૧,૧૫૨

**પ્રશ્ન.૫ નીચેના વિષયો પર વિસ્તૃત નોંધ લખો. (કુલ ગુણ : ૧૬)**

**☞ નોંધ :- વચનામૃત ક્રમાંક તથા સંદર્ભ ગ્રંથનું નામ ન લખ્યું હોય તો સંપૂર્ણ સાચું આપવું.**

**૧. એકાંતિક ધર્મ સિદ્ધ કરનારને શી પ્રાપ્તિ થાય ? ('એકાંતિક ધર્મ' પુસ્તિકાના આધારે) (૨૪થી૨૭)**

**(૧)** ''ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત ધર્મ (એકાંતિક ધર્મ) બે પ્રકારનો છે. એક પ્રવૃત્તિ ધર્મ અને બીજો નિવૃત્તિ ધર્મ. એ બંને પ્રકારનો ધર્મ ભગવાનના સંબંધથી એકાંતિક ધર્મ કહેવાય છે. સનકાદિક ત્યાગીઓ નિવૃત્તિ ધર્મે કરીને એકાંતિકપણાને પામ્યા અને મરીચિ, પ્રજાપતિ આદિ ગૃહસ્થો પ્રવૃત્તિ ધર્મે કરીને એકાંતિકપણાને પામ્યા.' (ગ.અં.૨૧) કારણ કે, 'મુમુક્ષુની આત્યંતિકી મુક્તિ તો એકાંતિકધર્મે કરીને જ થાય છે... માટે જે આત્યંતિક કલ્યાણને ઇચ્છતો હોય તે એકાંતિક ધર્મ સિદ્ધ કરે, કારણ કે એકાંતિક ધર્મને પાળવે કરીને જ જન્મમરણરૂપ સંસાર થકી મુક્ત થઈને ભગવાનના ધામને પામે છે.' આ જ વાતને ભગવાન સ્વામિનારાયણ વારંવાર દોહરાવે છે, 'જેવો એ જીવને પોતાના સંબંધીને વિષે દૃઢ પ્રસંગ છે, તેવો ને તેવો જ પ્રસંગ જો ભગવાનના એકાંતિક સાધુને વિષે થાય તો એ જીવને મોક્ષનું દ્વાર ઉઘાડું થાય છે.' (ગ.પ્ર. ૫૪) વચનામૃતના ભાષ્યરૂપ 'સ્વામીની વાતો'માં અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'આત્યંતિક મોક્ષ તો પ્રગટ ભગવાન ને ભગવાનના એકાંતિકનો આશરો કર્યાથી થાય - બીજાથી થાય નહિ.' **(૨)** શ્રીહરિ વચનામૃતમાં કહે છે : 'જે શ્રદ્ધાવાન પુરુષ હોય ને તેને જો સાચા સંતનો સંગ મળે અને તે સંતના વચનને વિષે શ્રદ્ધાવાન થાય તો એના હૃદયને વિષે સ્વધર્મ, વૈરાગ્ય, વિવેક, જ્ઞાન, ભક્તિ, આદિક જે કલ્યાણકારી ગુણ તે સર્વે પ્રકટ થઈ આવે છે અને કામક્રોધાદિક જે વિકાર તે બળી જાય છે.' (સા. ૧૮) અને 'પરમેશ્વરની આજ્ઞામાં મંડ્યો રહે તથા મોટા એકાંતિક સંતની અતિશય સેવા નિર્દોષભાવે કરે. તેના પર પરમેશ્વર કૃપાદૃષ્ટિ કરીને જુએ છે જે, 'આ વૈરાગ્યરહિત છે, તેને કામક્રોધાદિક બહુ પીડે છે. માટે એના એ સર્વે વિકાર ટળો.' તો તત્કાળ ટળી જાય.' (ગ.મ. ૭) એટલું જ નહીં, પરંતુ જ્યારે ભગવાનનાં એકાંતિક સાધુના વચનને વિષે વિશ્વાસ લાવીને નિષ્કપટભાવે કરીને ભગવાનના ચરણકમળને ભજે છે ત્યારે એની (મુમુક્ષુની) માયિક દૃષ્ટિ મટે છે. (પં. ૭) તેથી જ અક્ષરબ્રહ્મ ગુણાતીતાનંદ સ્વામી કહે છે : 'ભગવાન તથા એકાંતિક ઓળખ્યાથી બ્રહ્મરૂપ થવાય છે, ને એકાંતિક ઓળખ્યા પછી કાંઈ કરવું રહેતું નથી.' **(૩)** એવા પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ એકાંતિક સંતના સંગે વચનામૃત કારીયાણી - ૧માં કહ્યા એવા કીટ-ભ્રમર ન્યાયે 'બ્રહ્મનો મનન દ્વારા સંગ કરવાથી બ્રહ્મરૂપ થવાય છે.' (ગ.મ. ૩૧) એવા મોટા પુરુષને નિર્દોષ સમજવાથી નિર્દોષ થઈ જવાય છે. (ગ.પ્ર. ૭૩) તેમના રાજીપાથી જીવના મલિન સંસ્કાર નાશ પામે છે, રાંકમાંથી રાજા થાય છે, ભૂંડા પ્રારબ્ધ રૂડાં થાય છે અને માથેથી વિઘ્ન ઊડી જાય છે. (ગ.પ્ર. ૫૮) **(૪)** એકાંતિક ધર્મને માર્ગે ચાલ્યો જે મુમુક્ષુ, તે જ્યારે 'વૈરાગ્યાદિક લક્ષણે યુક્ત થાય ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થાય અને પછી ભગવાનનો એકાંતિક ભક્ત થઈને ગુણાતીત એવું જે ભગવાનનું અક્ષરધામ તેને પામે છે. માટે એક જન્મે અથવા અનંત જન્મે પણ જે દિવસ પ્રથમ કહ્યા એવે લક્ષણે યુક્ત થઈને અતિશય નિર્વાસનિક થશે ત્યારે જ ભગવાનની કૃપાનું પાત્ર થશે, ને આત્યંતિક મોક્ષને પામશે. પણ તે વિના તો નહીં જ પામે.' (સા. ૧૧) **(૫)** પોતાના આત્માની પ્રગટ બ્રહ્મસ્વરૂપ પરમ એકાંતિક સંતની સાથે એકતા કરીને જે મુમુક્ષુ બ્રહ્મરૂપ થાય છે, તે જ સાચા અર્થમાં એકાંતિક થાય છે, ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળો થાય છે અને માયિક ભાવથી મુક્ત થઈ નિર્વાસનિક થાય છે. અને 'એવો જે એકાંતિક ભક્ત તે દેહનો ત્યાગ કરીને સર્વે માયાના ભાવથી મુક્ત થઈને, અર્ચિ માર્ગે કરીને ભગવાનના અક્ષરધામને પામે છે.' (ગ.પ્ર. ૨૧) અને તેથી જ એવા પરમ એકાંતિક પ્રગટ બ્રહ્મરૂપ સંતનો મહિમા અને તેને સંગે મુમુક્ષુને થતી પ્રાપ્તિનો મહિમા વર્ણવતાં શ્રીહરિ કહે છે : 'જેવી પરોક્ષ દેવને વિષે જીવને પ્રતીતિ છે, તેવી જો પ્રત્યક્ષ

૭૦૨

ગુરુરૂપ હરિને વિષે આવે, તો જેટલા અર્થ પ્રાપ્ત થવાના કહ્યા છે તેટલા સર્વ અર્થ તેને પ્રાપ્ત થાય છે અને જ્યારે આવા સંતનો સમાગમ પ્રાપ્ત થયો  ત્યારે દેહ મૂકીને જેને પામવા, તે તો દેહ છતાં જ મળ્યા છે. માટે જેને પરમપદ કહીએ, મોક્ષ કહીએ, તેને છતે દેહે જ પામ્યો છે. (ગ.અં. ૨) (૬) ટૂંકમાં, એવો મુમુક્ષુજન, એકાંતિકની સ્થિતિ અને જીવનમુક્તિ, એ બંને પામે છે અને અંતકાળે 'એવા ભગવાનના એકાંતિક ભક્ત આ લોકમાં પંચભૂતના દેહનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ ભાગવતી તનુ પ્રાપ્ત કરીને ભગવાનના બ્રહ્મધામને પામે છે.' અને 'તે એકાંતિક ભક્ત જ્યારે દેહ મૂકે ત્યારે તેનો શ્રીકૃષ્ણ ભગવાનને વિષે પ્રવેશ થાય છે.' (ગ.મ. ૩૮) આમ એકાંતિક ભક્તનો 'વાસુદેવ ભગવાનમાં પ્રવેશ થાય છે. તે પ્રવેશ તે શું ? તો તે તેજના મંડળને વિષે દિવ્યમૂર્તિ એવા જે વાસુદેવ ભગવાન તેને વિષે એ ભક્તને સ્નેહ હોય, તે સ્નેહે કરીને વાસુદેવ ભગવાનની મૂર્તિને વિષે એના મનનું નિરંતર અનુસંધાન રહે ને આસક્ત થકો વર્તે. ને એવી રીતે રહ્યો થકો એ વાસુદેવ ભગવાનની સેવાને વિષે બહાર થકી પણ રહે. જેમ લક્ષ્મીજી છે તે વાસુદેવ ભગવાનના હૃદયને વિષે ચિહ્નરૂપે સ્નેહના આધિક્યપણે કરીને રહ્યાં છે, ને બહાર થકી સ્ત્રીરૂપે કરીને સેવામાં પણ રહ્યાં છે. તેમ એ એકાંતિક ભક્તનો વાસુદેવ ભગવાનને વિષે પ્રવેશ જાણવો.' (ગ.મ. ૩૮) તથા 'જેમ લક્ષ્મીજી છે તે હેતે કરીને ક્યારેક તો ભગવાનના સ્વરૂપમાં લીન થઈ જાય છે ને ક્યારેક તો નોંખા રહ્યા થકા ભગવાનની સેવામાં રહે છે. તેમ, તે ભક્ત પણ અતિશય હેતે કરીને ભગવાનને વિષે ક્યારેક તો મૂર્તિમાન થકો ભગવાનની સેવામાં રહે છે અને જેમ ભગવાન સ્વતંત્ર છે, તેમ એ ભગવાનના ભક્ત પણ સ્વતંત્ર થાય છે. આવી રીતની જે સામર્થી તો ભગવાનની કૃપા થકી આવે છે.' (સા. ૧૧) ટૂંકમાં, અક્ષરબ્રહ્મરૂપ થયો જે એકાંતિક ભક્ત તેને અંતે એક (એકાંતે) પરબ્રહ્મ-પુરુષોત્તમની નિત્ય સેવા-ભક્તિનો અધિકાર, પરમેશ્વરના પરમધામ-અક્ષરધામમાં મળે છે. તેથી જ એકાંતિક ધર્મની સિદ્ધિથી મળતી મુક્તિ પણ એકાંતિકી મુક્તિ કહી છે. અંતમાં

શિક્ષાર્થમત્ર નિજભક્તિમતાં નરાણામ્, એકાન્તધર્મમખિલં પરિશીલયન્તમ્ ।

અષ્ટાઙ્ગાયોગકલનાશ્ચ મહાવ્રતાનિ, ત્વં ભક્તિધર્મતનયં શરણં પ્રપદ્યે ।।

(૭) પોતામાં ભક્તિવાળા ભક્તજનોની શિક્ષાને અર્થે સંપૂર્ણ એકાંતિક ધર્મ તથા અષ્ટાંગયોગની સકળ કળાઓ તેમજ અહિંસા બ્રહ્મચર્યાદિક મહાવ્રતોને પોતાના આચરણથી પોતાના ભક્તોને શીખવવાનો આગ્રહ રાખતા એવા ભક્તિધર્મના પુત્ર, હે, શ્રીહરિ ! હું આપને શરણે જાઉં છું.

૨. **પ્રગટની ભક્તિ (સ્વામિનારાયણ સંપ્રદાય અને ભારતીય સંપ્રદાયો' પુસ્તિકાના આધારે) (૨૦થી૨૧)**

(૧) ત્રણ ગુણ, ત્રણ અવસ્થા અને ત્રણ દેહથી પર થઈ પોતાના આત્માની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને, બ્રહ્મરૂપ થઈને પરબ્રહ્મની દાસભાવે ભક્તિ કરવાની વાત તો કેવળ સ્વામિનારાયણ સંપ્રદાયમાં જ જોવા મળે છે. (૨) તેમના મત પ્રમાણે 'ભગવાનની મૂર્તિની અખંડ સ્મૃતિ રહે, તેનું નામ સ્નેહ... અને જે ભક્તને ભગવાનને વિષે પરિપૂર્ણ સ્નેહ હોય, તેને ભગવાન વિના બીજો સંકલ્પ ન થાય.' (ગ.પ્ર. ૪૪) (૩) ભગવાનને વિષે સ્નેહ કરવો, પ્રીતિ કરવી, તે આત્માને સજાતિ જોઈએ. (ગ.મ. ૪૩) (૪) ભગવાનને વિષે બ્રહ્મસ્વરૂપ પ્રીતિ કરવી. તેમાંય 'ભગવાનનું માહાત્મ્ય જાણીને જે હેત થાય છે, તે તો બીજી જ રીતનું છે, એમ જાણવું.' (ગ.પ્ર. ૫૭) (૫) 'ભક્તિમાં ઇન્દ્રિયોની વૃત્તિ વિના જીવસત્તાપણે રહ્યા થકા નિર્ગુણપણે કરીને જેટલું ભગવાનમાં હેત થાય તેટલું કરવું.' (પં. ૩) (૬) અને જો ભક્તિમાં 'સ્નેહ તો હોય પણ જો માહાત્મ્ય જ્ઞાન વિનાનો હોય, તો તે ભક્તિ ન કહેવાય... માહાત્મ્ય જ્ઞાન વિનાની ભક્તિ ઝાઝી જણાતી હોય તો પણ અંતે નાશ થઈ જાય છે.' (સા. ૫) (૭) વળી, આવી શુદ્ધ અને ઉચ્ચ પ્રકારની ભક્તિમીમાંસામાં સર્વના કળશરૂપ વિચાર તો પ્રગટની ભક્તિનો છે. ભક્તિ કરવી, તે પણ પ્રગટ પ્રભુની કરવી. પરોક્ષની ભક્તિથી જીવનો આત્યંતિક મોક્ષ થતો નથી, એવો શ્રીજીમહારાજનો સિદ્ધાંત છે. (૮) પ્રગટની ભક્તિનો સ્વામિનારાયણીય સિદ્ધાંત આલેખતાં શ્રી કિશોરલાલ મશરૂવાળા લખે છે :'ભક્તિ એટલે પ્રગટ પરમેશ્વરમાં માહાત્મ્યજ્ઞાને સહિત સ્નેહ. પ્રગટ એટલે પરમેશ્વરનો અવતાર અથવા એમના અખંડધારક બ્રહ્મસ્વરૂપ-બ્રહ્મનિષ્ઠ સંત નિરંતર પૃથ્વી ઉપર વિચરતા હોય જ છે. જો એ અવતાર પૃથ્વી પર હોય તો એને ઓળખીને એની ભક્તિ કરવી તે પ્રગટની ભક્તિ છે. એમનો અવતાર ન હોય તો એમના અખંડધારક બ્રહ્મસ્વરૂપ-બ્રહ્મનિષ્ઠ સંતને ઓળખી તેમની ભક્તિ કરવી, તે પણ પ્રગટની ભક્તિ છે.' નિષ્કુળાનંદ સ્વામી પણ કહે છે :

'બીજી ભક્તિ જન બહુ કરે, તેમાં રહે ગમતું મનનું,
પણ પ્રકટ પ્રભુની ભક્તિમાં, રહે ગમતું ભગવાનનું.' (ભક્તિનિધિ -કડવું-૪૪)

(૯) આ તદ્દન નવો જ આધ્યાત્મિક વિચાર છે. તેમાં 'મનગમતું મૂકી' પ્રગટ ભગવાન 'જેમ વાળે તેમ વળવું'

નો સિદ્ધાંત છે. જે ક્રિયા કરવાથી તેઓ પ્રસન્ન થાય તેવી રીતે 'વચને પ્રવૃત્તિ ને વચને નિવૃત્તિ'નો સિદ્ધાંત છે. આમાં ભગવાનનું ગમતું કરવું અને અનન્યભાવે એમના શરણાગત થઈ રહેવાનું આવશ્યક છે.

**પ્રશ્ન.૬ નીચેનામાંથી કોઈપણ એક વિષય પર નિબંધ લખો. (કુલ ગુણ : ૨૦)**

> ☞ **નોંધ :- નિબંધ એ મૌલિક વિષય છે, તેનાં ઉપર આપેલ મુદ્દા ઉપરાંત બીજા ઘણાં પાસા આવરી શકાય છે. જેવા કે મૌલિક્તા, સંપ્રદાય તથા અન્ય સંપ્રદાય વિષયક જ્ઞાન, કથાવાર્તાને આધારે વિષય વસ્તુની વિશેષ છણાવટ, અન્ય આધારભૂત સાહિત્યનો સહારો વિગેરે મુદ્દાઓનો સમાવેશ થઈ શકે છે.**

**૧. B.A.P.S. સંસ્થા અનોખી અને અદ્વિતીય કેમ ?**

**૧.**સંસ્થાની સ્થાપના તેનો સિદ્ધાંત, નેતા અને તેનાં શાસ્ત્ર તે પરથી થાય છે. **૨.**દરેક સંસ્થા પાસે તેનો સિદ્ધાંત, શાસ્ત્ર અને નેતા આવશ્યક - ધાર્મિક સંસ્થામાં નેતા એટલે સત્પુરુષ અને સત્શાસ્ત્ર આવશ્યક. **૩.** એવી સંસ્થા જેની પાસે સિદ્ધાંત, શાસ્ત્ર અને સત્પુરુષનો ત્રિવેણી સંગમ - એટલે કે સંસ્થા પાસે સનાતન સિદ્ધાંત, ગુણાતીત કુશળ સત્પુરુષ અને ભગવાન અને સંતની આજ્ઞાથી રચાયેલ સત્શાસ્ત્રો. (સંદર્ભો વિગતવાર લખી શકાય.) **૪.**અન્ય સંસ્થાઓ સ્થાપાઈ પણ વિકાસ ન કરી શકી - તેનું કારણ કોઈ સંસ્થા પાસે સનાતન સિદ્ધાંત નહિ - સિદ્ધાંત બદલાતો જાય - આદર્શ નેતા અથવા સત્પુરુષ ન હોય, આદર્શ શાસ્ત્રો ન હોય તેવી સંસ્થાઓ કાળક્રમે નાશ પામી અથવા આદર્શ વિકાસ ન સાધી શકી. (ઉદાહરણો આપવા) **૫.** B.A.P.S. સંસ્થા આજે શતાબ્દિ ઊજવીને વિકાસના માર્ગે આગેકૂચ કરી રહી છે ત્યારે આ સંસ્થાના વિકાસનું રહસ્ય શું ? તો આ સંસ્થા પાસે ઉપર કહ્યા મુજબનો ત્રિવેણી સંગમ - આદર્શ ગુણાતીત સત્પુરુષ શાસ્ત્રીજી મહારાજ, યોગીજી મહારાજ, પ્રમુખસ્વામી મહારાજના પ્રસંગો લખવા) સનાતન સિદ્ધાંત - અક્ષરરૂપ થઈ પુરુષોત્તમની ભક્તિ કરવી તે - ક્યારેય તે સિદ્ધાંતમાં બાંધછોડ નહિ અને ભગવાન અને સંતનો મહિમા કહેતાં શાસ્ત્રો. **૬.** સંસ્થા પાસે આદર્શ સંતો, હરિભક્તો જેઓ સત્પુરુષના એક બોલ પર સમર્પિત અને આદર્શ સત્પુરુષો જેઓએ સંસ્થા માટે, પોતાના અનુયાયીઓ માટે પોતાનો દેહ કૃષ્ણાર્પણ (પ્રસંગો) માટે જ B.A.P.S. સંસ્થા અનોખી અને અદ્વિતીય - ઉપસંહાર.

**૨. વચનામૃત : અદ્વિતીય ધર્મશાસ્ત્ર.: ૧.** વચનામૃત : ગુજરાતી ગદ્ય સિદ્ધિનું શિખર - પ્રમાણભૂત ધર્મશાસ્ત્ર - સારગ્રાહિતા - ગ્રંથનું પ્રતિપાદ્ય સારતત્ત્વ અને શૈલી - 'વચનામૃત' નું શ્રેષ્ઠ સંપાદક મંડળ - વચનામૃત અને આધુનિક વિજ્ઞાન. **૨.** માર્મિક માર્ગદર્શન - મનના ઘાટ અંગે - સ્વભાવ દૂર કરવા અંગે - ધીરજ રાખવા અંગે.

**૩. સરળતા - સ્વામીશ્રીની આગવી પ્રતિભા.**

**૧.** સરળતાના પર્યાય સ્વામીશ્રી અર્થાત્ સરળતા એટલે સ્વામીશ્રી અને સ્વામીશ્રી એટલે સરળતા- સાધુતાએ યુક્ત - સરળતા શોભો સાધુ ગુણે - સદા સરળ - દરરોજ લાખો હરિભક્તો સ્વામીશ્રીની સરળતાને વંદે છે. **૨.** બાળક જેવી સરળતા - તેમના પ્રસંગમાં આવતી કોઈપણ વ્યક્તિને ઉડીને આંખે વળગે તેવો સ્વામીશ્રીની સરળતાનો ગુણ (પ્રસંગો) **૩.** ઉચ્ચ સ્થાને બિરાજીને સરળતા રાખવી તે ખૂબ જ કઠિન - સરળતાના મૂર્તિમાન દર્શન સ્વામીશ્રીમાં. **૪.** પોતાના હોદ્દાનું સ્થાનનું જરાપણ અનુસંધાન નહિ - દરેકની સાથે ભળી જઈ કાર્ય - ૧૯૭૦માં નૈરોબીમાં ત્યાગવલ્લભ સ્વામીની મૂંઝવણ પારખી પાથરણાં પાથરવા ડીશો ગોઠવવી વગેરે સેવામાં જોડાઈ ગયા - અટલાદરામાં પહોંચવાનું મોડું થતું હતું છતાં વડોદરામાં રાત્રે જમતા પૂછ્યું - બીજો કોઈ કાર્યક્રમ છે ? ત્યાગવલ્લભ સ્વામીને પૂછ્યું - મુંબઈમાં સંતો સાથે છૂક છૂક ગાડી - અમદાવાદમાં વૉકિંગ પૂરૂં થયા પછી બ્રહ્મપ્રકાશ સ્વામીની કાયા ઠેકી નીકળી ગયા. પોતાના પ્રવચનોમાં પણ રમૂજ દૃષ્ટાંતો પ્રસંગો મૂકી ગંભીરતા ઓછી કરી આધ્યાત્મિક જ્ઞાન આપે. **૫.** માટે જ સરળતા એ સ્વામીશ્રીની આગવી પ્રતિભા - આગવી ઓળખ - ઉપસંહાર.